**GJVL020035152019**

| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૫–૦૭–૨૦૧૯ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૫–૦૭–૨૦૧૯ |
| ફેંસલ તારીખ | ૦૩–૦૮–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૦૭ –૦૦ – ૧૯ |

**મહેરબાન ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલતમાં, મુ.વલસાડ**
**ફોજદારી કેસ નંબર : ૩૧૦૧/૨૦૧૯ તથા ૪૪૯૭/૨૦૧૯ ના કામે સંયુકત**

**જજમેન્ટ**

**ફોજદારી કેસ નંબર(મેઈન કેસ):૩૧૦૧/૨૦૧૯**

**આંક–૭૨**

**ફરિયાદી : સરાકરશ્રી**

**વિરૂધ્ધ**

**આરોપીઓ :**

(૧) **રાજેશભાઈ ચંદુભાઈ ધો.પટેલ , ઉ.વ.૪૬**
**રહે.** પારનેરા પારડી,ખોખરા ફળીયું,
તા.જી.વલસાડ.

(૨) **ગુલાબભાઈ છોટુંભાઈ પટેલ , ઉ.વ.૫૫**

(૩) **ધીરૂભાઈ છનાભાઈ ધો.પટેલ , ઉ.વ.૪૫**

(૪) **વૈભવભાઈ ધીરૂભાઈ ધો.પટેલ , ઉ.વ.૨૧**

(૫) **અંકીતભાઈ દીલીપભાઈ પટેલ , ઉ.વ.૨૫**
**આરોપી નં. ૨ થી ૫ રહે.** અટકપારડી એઠવા ફળીયું,તા.જી.વલસાડ

---

**ગુનોઃ– ધી ઈન્ડિયન પીનલ કોડની કલમ– ૧૪૩,૧૪૭,૩૨૩,૫૦૪, ૫૦૬(૨) મુજબ**

---

---

ફરિયાદપક્ષ તરફે : વિ.એ.પી.પી.શ્રી આઈ.કે.વ્હોરા

આરોપીઓ તરફે : વિ.વકીલશ્રી કે.બી.પટેલ

---

**GJVL020050702019**

| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૬–૦૯–૨૦૧૯ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૬–૦૯–૨૦૧૯ |
| ફેંસલ તારીખ | ૦૩–૦૮–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૦૬ –૧૦ –૧૮ |

**મહેરબાન ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલતમાં, મુ.વલસાડ**

**ફોજદારી કેસ નંબર:૪૪૯૭/૨૦૧૯**

**આંક – ૭૨**

**ફરિયાદી : સરાકરશ્રી**

**વિરૂધ્ધ**

**આરોપી : શંકરભાઈ છનાભાઈ ધો.પટેલ,ઉ.વ.૬૫**

**રહે.** અટક પારડી એઠવા ફળીયું,તા.જી.વલસાડ.

---

**ગુનોઃ– ધી ઈન્ડિયન પીનલ કોડની કલમ– ૧૪૩,૧૪૭,૩૨૩,૫૦૪, ૫૦૬(૨) મુજબ**

---

ફરિયાદપક્ષ તરફે : વિ.એ.પી.પી.શ્રી આઈ.કે.વ્હોરા
આરોપી તરફે : વિ.વકીલશ્રી કે.બી.પટેલ

---

**ફોજદારી કેસ નંબર : ૩૧૦૧/૨૦૧૯ તથા ૪૪૯૭/૨૦૧૯ ના કામે સંયુકત**

**જજમેન્ટ**

**આ કામે સૌપ્રથમ મુખ્ય ચાર્જશીટ દાખલ થતા તેનો ક્રિ.કેસ નં.૩૧૦૧/૨૦૧૯ પડેલો અને ત્યાબાદ અન્ય આરોપીઓ માટેનું પુરવણી ચાર્જશીટ દાખલ થતા તેનો ક્રિ.કેસ નં.૪૪૯૭/૨૦૧૯ થી નંબર પડેલ અને બંન્ને ક્રિ.કેસોના સાહેદો એકસરખા હોય અને સરળતા ખાતર બંન્ને કેસોની ટ્રાયલ એકસાથે ચલાવીને પુરાવો નોંધેલ હોય બંન્ને ક્રિ.કેસોનું સંયુક્ત જજમેન્ટ નીચે મુજબ આપવામાં આવે છે.**

(૧) આ કામે ફરીયાદીપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી કરી એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી મંડળના વાંસણો આપવા બાબતે તથા જુના રસ્તાની અદાવત બાબતે ફરીયાદીને તથા સાહેદને ઢીક મુક્કીની મારા–મારી તથા બોલાચાલી કરી નાલાયક ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનો કરી**, ધી ઈન્ડિયન પીનલ કોડની કલમ–૧૪૩,૧૪૭,૩૨૩, ૫૦૪,૫૦૬(૨)** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે.

(૨) જે બાબતની **ફરિયાદ,** ફરિયાદીએ વલસાડ સીટી પોલિસ સ્ટેશનમાં આરોપીઓ વિરૂધ્ધ **ધી ઈન્ડિયન પીનલ કોડની કલમ– ૧૪૩, ૧૪૭,૩૨૩,૫૦૪,૫૦૬(૨)** ના શિક્ષાને પાત્ર ગુનાથી નોંધી, આ કામની તપાસ જે તે તપાસ કરનાર અધિકારીને સોંપતા આ કામની તપાસ કર્યા બાદ તપાસના અંતે હાલનું આ ચાર્જશીટ નામદાર કોર્ટમાં રજૂ કરવામાં આવેલ છે.

(૩) **ફોજદારી કેસ નં.૩૧૦૧/૨૦૧૯** ના કામે આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની વિના મુલ્યે નકલ આપ્યાની ખાત્રી કરી**, આંક–૦૪ થી આરોપીઓ સામે તહોમતનામું ફરમાવી આંક–૦૫ થી આંક–૦૯ અન્વયે આરોપીઓનું પ્રાથમિક** નિવેદન લેતા તેમાં આ કામના આરોપીઓએ સદરહું ગુન્હો કર્યો હોવાનો ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**ફોજદારી કેસ નં.૨૪૧૮/૨૦૨૧** ના કામે આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની વિના મુલ્યે નકલ આપ્યાની ખાત્રી કરી**, આંક–૦૨ થી આરોપી સામે તહોમતનામું** ફરમાવી **આંક–૦૩ અન્વયે આરોપીનું પ્રાથમિક** નિવેદન લેતા તેમાં આ કામના આરોપીએ સદરહું ગુન્હો કર્યો હોવાનો ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) આ કામે ફરિયાદપક્ષ દ્વારા નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**–::::: મૌખિક પુરાવો :::::–**

| **ક્રમ નંબર** | **સાહેદનું નામ** | **સાહેદ** | **આંક** | **રીમાર્કસ** |
|---|---|---|---|---|
| ૧ | લીલાબેન અશોકભાઈ પટેલ | ફરિયાદી | ૧૨ | –––– |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | કુણાલભાઈ પ્રવિણભાઈ પટેલ | પંચ સાહેદ | ૧૮ | હોસ્ટાઈલ |
| ૩ | કાંતિભાઈ નગીનભાઈ પટેલ | પંચ સાહેદ | ૧૯ | હોસ્ટાઈલ |
| ૪ | સંદિપભાઈ રમણભાઈ પટેલ | પંચ સાહેદ | ૨૨ | હોસ્ટાઈલ |
| ૫ | તેજલબેન કનુભાઈ પટેલ | સાહેદ | ૨૫ | ---- |
| ૬ | કનુભાઈ છગનભાઈ પટેલ | સાહેદ | ૩૫ | ---- |
| ૭ | ચેતનભાઈ કનુભાઈ પટેલ | સાહેદ | ૩૬ | ---- |
| ૮ | ટિંકલબેન અશોકભાઈ પટેલ | સાહેદ | ૩૭ | ---- |
| ૯ | નિમેશભાઈ અશોકભાઈ પટેલ | સાહેદ | ૪૧ | હોસ્ટાઈલ |
| ૧૦ | જગદીશભાઈ છોટુભાઈ પટેલ | સાહેદ | ૬૮ | હોસ્ટાઈલ |
| ૧૧ | યોગેશભાઈ ઈશ્વરભાઈ પટેલ | સાહેદ | ૬૯ | હોસ્ટાઈલ |
| ૧૨ | નિમેશભાઈ અરવીંદભાઈ પટેલ | સાહેદ | ૭૦ | હોસ્ટાઈલ |

**-::::: દસ્તાવેજી પુરાવો :::::-**

| **ક્રમ નંબર** | **દસ્તાવેજ** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૩ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૨૦ |
| ૩ | શરીર સ્થિતીનું પંચનામું | ૨૩,૨૪ |
| ૪ | સમાધાન પુરસીસ | ૬૭ |
| ૫ | કલોઝીંગ પુરસીસ | ૭૧ |

(૫) ત્યારબાદ આરોપીઓનું ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલા જેમા આરોપીઓને તેમના વિરૂધ્ધ ની હકીકતો તેમજ સંજોગો વિશે સમજાવવામાં આવેલ પરંતુ આરોપીઓએ સદર તમામ હકીકતો નો મહદ઼્અંશે ઈનકાર જ કરેલ છે અને વિશેષ માં જણાવેલ છે કે," હમો નિર્દોષ છીએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી હમો વિરૂધ્ધ ખોટી ચાર્જશીટ કરેલ છે" તેવી હકિકત જણાવેલ છે.

આ કામે સરકારપક્ષે વિ.એ.પી.પી.શ્રીની અને આરોપીઓપક્ષે વિ.વકીલશ્રીઓ ની દલીલો સાંભળવામાં આવી.

(૬) ઉપરોક્ત હકીકતે કેસના નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**// મુદ્દાઓ //**

**૧.** શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી કરી એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી મંડળના વાંસણો આપવા બાબતે તથા જુના રસ્તાની અદાવત બાબતે ફરીયાદીને તથા સાહેદને ઢીક મુક્કીની મારા-મારી તથા બોલાચાલી કરી નાલાયક ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનો કરી, **ધી ઈન્ડિયન પીનલ કોડની કલમ-૧૪૩,૧૪૭,૩૨૩, ૫૦૪,૫૦૬(૨)** મુજબના શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**૨.** શું હુકમ ?

(૭) ઉપરોક્ત મુદ્દાઓના મારા તારણો નીચે મુજબ છે.

**૧.** **નકારમાં**

**૨.** આખરી હુકમ મુજબ

**-:: કારણો ::-**

**મુદ્દા નં.૧ ની ચર્ચાઃ-**

(૮) ઉપરોક્ત સૌ પ્રથમ હાલના કામે રજુ રેકર્ડ ઉપર ના પુરાવાઓ જો ધ્યાને લેવામાં આવે તો ફરીયાદપક્ષ તરફથી ફરિયાદી લીલાબેન અશોકભાઈ પટેલ નાઓની આંક-૧૨ થી સરતાપસ વંચાણે લેવામાં આવે તો તેમા તેઓએ જણાવેલ છે કે, બનાવ તા. ૨૫/૧/૨૦૧૭ ના રોજ બાર થી સાડા બાર વાગે અટક પારડી મુકામે તેમના દીયરના ઘર પાસે બનેલો. રસ્તાની અદાવતને લઈને તેમની ઘરે ગુલાબભાલ છોટુભાઈ, ધીરુભાઈ છનાભાઈ, શંકરભાઈ છનાભાઈ , રાજેશભાઈ ચંદુભાઈ અને વૈભવ ધીરુભાઈ અને અંકીતભાઈ ધીરુભાઈ અને બીજા ઘણા માણસો આવેલા. મંડળના વાસણો કે જે તેઓએ આપી દીધેલા હતા તે લેવા માટે આવેલા.

તે વખતે દરવાજો ઠોકેલો અને તે વખતે લતાબેને દરવાજો ખોલેલો. અને તે વખતે તેમના દીયર કનુભાઈનો શર્ટ હાલના આરોપીઓએ પકડી દીધેલો. અને તે સમયે અવાજ આવતા તેઓ ઘરની બહાર નીકળી ગયેલા અને તે સમયે તેઓને માર મારવા લાગેલા. વૈભવે તેમની દેરાણી લતાબેનને લાકડી વડે હાથમાં ડાબા હાથમાં મારેલુ અને અંકીતે તેમની દેરાણીને કાંડામાં જમણા હાથ પર મારેલુ અને આ વખતે ઝપાઝપીમાં શંકરભાઈ નીચે પડી જતા તેમને ઈજા થયેલ અને પગમાં ફ્રેકચર થયેલુ. બનાવ અંગે તેઓએ આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ આપેલ નામ. કોર્ટમા આરોપીઓને ઓળખી બતાવે છે.

બચાવપક્ષે સદર ફરિયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,એક જ બનાવ સાડા બાર વાગે બનેલો એ સીવાય બીજો કોઈ બનાવ બનેલો નહી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી સીવાય બીજા દસ થી બાર જણા આવેલા તેમજ બીજા આરોપી આવેલા ત્યારે અંધારુ હતુ તેમજ આરોપી સીવાય બીજા આવેલા તે અં ધારુ હોય ઓળખી શકુ નહી તેમજ અંધારુ હતુ તેથી કોણ આવેલુ તે ખબર નથી તેમજ ઘરનો દરવાજો કોણે ઠોકેલો તે પણ તેઓ કહી શકે નહી તેમજ કનુભાઈનો શર્ટ કોણે પકડેલો તે પણ ખબર નથી તેમજ બનાવ સમયે ગુલાભાઈ છોટુભાઈ ના દીકરીના લગ્ન હતા. વાસણો આપી દીધેલા કયા વર્ષમાં આપેલા તે હાલ યાદ નથી. આશરે પંદર વીસ વર્ષ પહેલા વાસણો આપી દીધેલા. વાસણો તેઓએ જોગીનભાઈને આપેલા. જોગીભાઈ ને વાસણો આપેલા ત્યારે તેઓ મંડળના સભ્ય હતા. મંડળમાં કેટલા સભ્યો હતા તેની તેમને ખબર નથી. કનુભાઈનો દરવાજો લતાબેને ખોલેલો. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ મા ક્યા આરોપીએ ગાળ ના ચોક્કસ શબ્દો બોલેલા તે તેઓએ પોલીસ મા લખાવેલા નથી. બનાવ સમયે કયા આરોપી ઓ એ મારી નાખવાની ધમકી આપેલી તેનુ નામ તેઓએ પોલીસ મા

લખાવેલુ નથી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેમને કોઇને ઈજા થયેલ હોય અને તેઓ સારવાર લેવા દવાખાના મા ગયેલ હોય તેવુ બનેલ નથી તેમજ આ બનાવ નુ તેમના તેમજ તેમના માણસો વિરૂધ્ધ આરોપી ઓ એ પોલીસ મા ફરીયાદ કરેલી છે. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, ચેતન ભાઇ કનુભાઇ તેજલ બેન કનુ ભાઇ ટવિંકલ બેન તેમના નજીક ના સગા થાય છે.

**(૮.૧)** સદર કામે આંક–૧૮ થી પંચ સાહેદ કુણાલભાઈ પ્રવિણભાઈ પટેલ તથા આંક–૧૯ થી પંચ સાહેદ કાંતીભાઈ નગીનભાઇ પટેલ તથા આંક–૨૨ થી પંચ સાહેદ સંદિપભાઈ રમણભાઈ પટેલ નાઓની જુબાની ધ્યાને લેવામાં આવે તો તમામ પંચ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા છે અને ફરીયાદપક્ષ ના કેસ ની હકીકતો ને લેશમાત્રપણ સમર્થનકારી પુરાવો આપતાં નથી. વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતી થી ઉલટ તપાસ માં પુછી શકાય તેવો પ્રશ્નો પુછવા માટે નામદાર કોર્ટ દ્વારા ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ પરવાનગી આપેલ હોવા છતાં પણ પંચ સાહેદ ફરીયાદપક્ષ ના કેસ ની હકીકતો ને લેશમાત્રપણ સમર્થનકારી પુરાવો આપતાં નથી અને આરોપીપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એવી હકિકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તૈયાર લખેલા કાગળ પર સહિ કરાવેલ તે સિવાય બીજું કશું જાણતા નથી. આમ, હાલ ના કામે રજુ આંક–૨૦,૨૩,૨૪ વાળા પંચનામાઓ પુરવાર થયેલા નથી.

**(૮.૨)** ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી સાહેદ તેજલબેન કનુભાઈ પટેલ નાઓને આંક–૨૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓ તેમના પુરવામાં જણાવેલ છે કે, તા ૩૧/૧/૨૦૧૭ ના રોજ ગુલાબ ભાઇ છોટુભાઇ પટેલ તેઓના ઘરે આવેલા તેઓ તેમના ઘરે લગ્ન હોવાથી વાસણ લેવા આવેલા તે સમયે તેઓ ઘરે એકલા હતા આથી તેઓએ તેમને જણાવેલ કે મારા મમ્મી પપ્પા આવે ત્યારે આવજો ગુલાબભાઇ પાછા તેઓના ઘરે ગયેલા અને ફળિયાના બીજા લોકોને વાતચીત કરેલી અને તારીખ ૧/૨/૨૦૧૭ ના રાતે સાડા બાર વાગે ગુલાબભાઇ બધા માણસોને ભેગા કરીને તેઓના ઘરે આવેલા ગુલાબભાઇ આશરે ૧૫ થી ૨૦ માણસો લઇને આવેલા તેઓના મોટા મમ્મી લીલાબેન અશોકભાઇ પટેલ તથા તેઓના મમ્મી લતાબેન

કનુભાઇ પટેલ અને તેઓના પપ્પા કનુભાઇ છગન ભાઇ પટેલનાઓ ને ગુલાબભાઇ એ પૂછ્યુ કે વાસણો ક્યા છે જેથી તેઓના પિતાજીએ જણાવેલ કે વાસણોની તેમને ખબર નથી આથી ગુલાબભાઇ ધીરૂભાઇ અંકિતભાઈ શંકરભાઇ વગેરે એ ઉશ્કેરાઇ જઇ ગાળો આપવા લાગેલા અને વૈભવભાઇ ગુલાબભાઇ કે તેઓના પિતાજીને જાનથી મારી નાખવાની ધમકી આપેલી અને વૈભવભાઇએ તેઓની મમ્મીને ડાબા હાથમાં લાકડુ મારેલુ જેથી તેઓના મમ્મીને હાથમાં વાગેલુ શંકરભાઇ છનાભાઇ જતા જતા ઓટલા ઉપરથી નીચે પડી ગયેલા અને તેઓનો પગ ફ્રેકચર થઇ ગયેલો તેઓની મમ્મીને જે લાકડા વડે મારેલુ તે જોયેલુ આ લાકડુ આશરે ૩ થી ૪ ઇંચ જાડુ અને આશરે ૩ થી ૪ ઇંચ લાંબુ હતુ તેઓને તે લાકડુ બતાવવામાં આવેલ તો તેઓ ઓળખી બતાવે છે. આરોપીઓને જોયેથી ઓળખી શકે છે. બનાવ અંગેની પોલીસ ફરીયાદ તેઓના મોટા મમ્મી લીલાબેને આપેલી.

બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમને પોલીસને મળવાનું થયેલું નથી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેમનું કોઇ નીવેદન તેઓએ પોલીસને લખાવેલું હોય અને લખેલું હોય તેવુ બનેલુ નથી તેમજ જે વાસણ લેવા આવેલા તે વાસણો મંડળ ના વાસણો હતા તેમજ ગુલાબભાઇ ના ત્યાં બીજા દીવસે લગ્ન હોવાથી તે વાસણ લેવા આવેલા. એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, મંડળ ના વાસણો તેમના ત્યાં રાખવામા આવેલા. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, ગુલાબભાઇ ના સાથે ગામના બીજા ૨૦ થી ૨૫ માણસો આવેલા તે પણ વાસણ લેવા આવેલા તેમજ તે વખતે મોડી રાત નો સમય હતો તેમજ આરોપીઓ તેમના ગામના હોવાથી તેઓને ઓળખે છે તેમજ બનાવમાં સામાન્ય ઈજા થયેલી તેથી દવાખાને જવાનો પ્રસંગ બનેલો નહી તેમજ શંકરભાઇ ને પગ મા ફ્રેકચર થઇ ગયેલ હોવાથી શંકરભાઇ એ ફરીયાદ આપેલી તેમજ આરોપી ઓ એ કોણે શું ગાળ આપેલી તે તેઓ એ તેમના પોલીસ રૂબરૂ ના નિવેદનમાં જણાવેલ નથી તેમજ આ ૬ આરોપી માથી કોણે મારી નાખવાની ધમકી આપેલી તે તેમને યાદ નથી.

(૮.૩) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી સાહેદ કનુભાઈ છગનભાઈ પટેલ નાઓને આંક–૩૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓ તેમના પુરવામાં જણાવેલ છે કે, તા. ૩૧/૦૧/૨૦૧૭ ના રોજ તેઓ સવારના તેઓની નોકરી ઉપર વાપી ફલાઇંગ ટ્રેનમાં ગયેલ અને રાત્રે સાડા નવ વાગ્યે વાપીથી વલસાડ પરત આવેલ અને તેઓ રાત્રીના સાડા દસ વાગ્યે ઘરે પહોચેલ ત્યારે ગુલાબભાઈ છોટુભાઇનાઓ તેઓના ઘરે આવેલ અને તેઓને કહેલ કે તેઓની છોકરી પ્રતીક્ષાના લગ્ન છે જેથી તેઓને વાસણ જોઇએ છે જેથી તેઓએ તેઓને જણાવેલ કે વાસણો તો સવારે જોઇએ છે ને? પછી તેઓ તેઓના ઘરેથી નીકળી ગયેલ ત્યારબાદ તેઓ રાત્રીના સાડા અગીયાર વાગ્યે જમીને સુઇ ગયેલો અને ત્યારબાદ બાર વાગ્યાના સમયે ગુલાબભાઇ છોટુભાઇ તેમજ ફળીયાના માણસો સાથે તેઓના ઘરે આવેલા અને કહેલ કે વાસણો કયાં છે ત્યારે તેઓએ જણાવેલ કે વાસણની મને ખબર નથી તમે સવારે આવજો વડીલોને પુછીને વાતચીત કરીશુ તે સમયે ગુલાબભાઇ તેમજ વૈભવનાઓ તેઓને નાલાયક ગાળો આપવા લાગેલા જે ગાળો બોલેલા તે ખુલ્લી અદાલતમાં બોલી શકાય તેમ ન હોવાથી એક કાગળમાં લખીને તેની નીચે સહી કરીને આપેલ છે. ત્યારબાદ ઝપાઝપી થયેલી તેઓને અને આરોપીઓ સાથે રસ્તા બાબતનો કેસ ચાલતો હોય જેની અદાવત રાખી ગુલાબભાઇ, અંકીત, વૈભવ, ધીરૂભાઇ, રાજેશ, શંકરભાઇનાઓ ઝગડો કરી મારામારી કરવા આવેલા અને જતા તેઓ લોકોએ તેઓને જણાવેલ કે તમોને જાનથી મારી નાખીશુ તેવી ધમકી આપી ગયેલા નામ.કોર્ટમા હાજર આરોપીઓને તેઓ ઓળખી બતાવે છે.

બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમને તા. ૩૧/૦૧/૨૦૧૭ ના રોજ પોલીસએ તેમને જવાબ લેવા બોલાવેલો. આ તા. ૩૧/૦૧/૨૦૧૭ પછી પણ તેમને પોલીસને મળવાનુ થયેલ નથી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તા. ૩૧/૦૧/૨૦૧૭ ના રોજ તેઓ તથા તેજલબેન, લતાબેન, ચેતનભાઇ, ટીંકલબેન ,જયસીંગભાઇ,નીમેશભાઇ, વીરલભાઇ અને યોગેશભાઇ અને નીમેશભાઇ બધા સાથે પોલીસ સ્ટેશનમાં પોલીસને મળેલા તેમજ તેઓ તેમના પોલીસ રૂબરૂના નીવેદનમાં કયા વ્યક્તિઓ શુ ગાળ

બોલેલ તે લખાવેલ નથી તેમજ કયા આરોપીએ કોને ઢીકમુક્કીનો માર મારેલો તેવી હકીકત તેઓ તેમના પોલીસ રૂબરૂના નીવેદનમાં લખાવેલ નથી. છ આરોપીઓ પૈકી કોઈપણ એક આરોપીએ જાનથી મારી નાખવાની ધમકી આપેલ હશે પણ કયા ચોક્કસ આરોપીએ ધમકી આપેલ તે તેઓ કહી શકે નહી. એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, આ આરોપીઓએ તેમની વિરૂધ્ધ પહેલા ફરીયાદ આપેલી. આ આરોપીઓ પૈકી શંકરભાઈ ગંભીર ઈજાના કારણે હોસ્પીટલમાં દાખલ થયેલા તે તેઓ જાણે છે. હોસ્પીટલમાંથી ડિસ્ચાર્જ થયા પહેલા હોસ્પીટલમાં ફરીયાદ આપેલી.

(૮.૪) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી સાહેદ ચેતનભાઈ કનુભાઈ પટેલ નાઓને આંક–૩૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓ તેમના પુરવામાં જણાવેલ છે કે, તા.૩૧/૦૧/૨૦૧૭ ના રોજ સાંજે સાતેક વાગ્યાના સુમારે ગુલાબભાઈ અને તેમની પત્ની ચંદાબેનનાઓ તેઓના ઘરે આવેલ તે સમયે તેઓની બહેન તેજલબેન કનુભાઈ ઘરે હાજર હતી તે સમયે તેને આ લોકોને જણાવેલ કે તેઓના મમ્મી પપ્પા ઘરે હાજર નથી તેઓના મમ્મી પપ્પા આવે ત્યારે આવજો આ લોકો વાસણો લેવા માટે તેઓના ઘરે આવેલા ત્યારબાદ રાત્રીના બાર સાડા બાર વાગ્યાના સુમારે ફરીવાર ગુલાબભાઈ તથા શંકરભાઈ તથા વૈભવભાઈ તથા ધીરૂભાઈ તથા અન્ય બીજી વ્યક્તિઓ સાથે આવેલા અને તેઓને રાત્રે બાર વાગ્યે ઉઠાડીને વાસણોની માંગણી કરેલી તે સમયે તેઓના પપ્પા કનુભાઈ છગનભાઈ નાઓએ જણાવેલ કે સવારે આવજો ત્યારબાદ આ લોકો નાલાયક ગાળો આપી ધક્કામુક્કી કરેલ અને વૈભવએ તેઓની મમ્મી લતાબેનને ડાબા હાથ ઉપર લાકડી વડે માર મારેલ અને જાનથી મારી નાખવાની ધમકી આપેલ આ બનાવ બનવાનુ કારણ અમારા રસ્તા બાબતે ઝગડો ચાલતો હતો તેના કારણે બનેલ અને આ બનાવમાં લીલાબેનને અંકીતભાઈ નાઓએ લીલાબેનના જમણા હાથ ઉપર લાકડા વડે કાંડાના ભાગે માર મારેલ બનાવ બાબતે પોલીસએ તેમનું નીવેદન લીધેલ આરોપીઓ કોર્ટમાં હાજર છે જે તે જ છે.

બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ રાત્રીના સાડાબાર વાગ્યે

બનેલ ત્યારે અંધારૂ હતુ. એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, તેમની માતા લતા બેન તથા લીલાબેનને વાગેલુ તે તેઓએ નજરે જોયેલ નથી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે,બનાવ બન્યો ત્યારે આરોપીઓ ઉપરાંત બીજા દસ પંદર માણસો ત્યાં હાજર હતા તેમજ આરોપીઓ અને તે ઉપરાંતના દસ પંદર માણસો કયા હથીયાર લઈને આવેલા તે તેઓએ જોયેલ નથી. આ ફરીયાદ લીલાબેન આપવા ગયેલા તેની તેમને જાણ કરેલી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, લીલાબેનએ ફરીયાદ આપેલ તે પહેલા આરોપી ગુલાબભાઈએ ફરીયાદ આપેલ. એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, આવો કોઈ બનાવ બન્યો નથી પરંતુ હાલના આરોપીઓએ તેમની વિરૂધ્ધ ફરીયાદ કરેલ હોય ખોટી જુબાની આપે છે. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેમના પોલીસ રૂબરૂના નીવેદનમાં આરોપીઓએ ચોક્કસ કઈ ગાળો બોલેલ તે  શબ્દો લખાવેલ નથી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓમાંથી ચોક્કસ કઈ વ્યક્તિએ જાનથી મારી નાખવાની ધમકી આપેલ તે તેમના નીવેદનમાં લખાવેલ નથી. સાહેદ જણાવે છે કે ઘણુ મોટુ ટોળુ હતુ. એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે,લીલાબેન અને લતાબેનને માર વાગેલ હોય અને દવાખાનામાં સારવાર લીધેલ હોય તેવુ બનેલ નથી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, લીલાબેન અને લતાબેન સારવાર માટે ગયેલા ત્યારે તેઓએ સાથે ગયા ન હતા.

(૮.૫)　　ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી સાહેદ ટિંકલબેન અશોકભાઈ પટેલ નાઓને આંક–૩૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓ તેમના પુરવામાં જણાવેલ છે કે, તા.૩૧/૦૧/૨૦૧૭ ના રોજ રાત્રે બારેક વાગ્યાના સુમારે ગુલાબભાઈ અને રાજેશભાઈ તથા અંકીતભાઈ તથા વૈભવભાઈ તથા ધીરૂભાઈ તથા દીલીપભાઈ તથા બીજા અન્ય પંદર વીસ વ્યક્તિઓ તેમના કાકા કનુભાઈ છગનભાઈના ઘરે મંડળના વાસણ લેવા આવેલ તે વખતે મંડળના વાસણોનુ તેમના કાકાને પુછતા તેમના કાકા કનુભાઈએ જણાવેલ કે મને મંડળના વાસણની કઈ ખબર નથી તે સમયે તેમની કાકી લતાબેનને વૈભવનાઓએ ડાબા હાથના ભાગે લાકડી વડે મારેલ અને અંકીતએ લીલાબેનને જમણા હાથના કોણીના ભાગે લાકડી વડે માર મારેલ અને આ

બનાવમાં ધક્કા મુક્કી થતા શંકરભાઇનાઓ ઓટલા પરથી પડી ગયેલા જેથી તેમને પગે વાગેલુ આ લોકોને રસ્તા બારામાં પહેલાથી ઝગડો ચાલતો હતો જેની જુની અદાવત રાખી આ બનાવ બનેલ છે  બનાવ બાબતે પોલીસએ તેમનું નીવેદન લીધેલ આરોપીઓ કોર્ટમાં હાજર છે જે તે જ છે.

બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,બનાવ રાત્રીના સમયે બનેલ ત્યારે અંધારૂ હતુ. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બન્યો ત્યારે તેઓ ઘરમાં હતી. એ હકિકતનો ઇન્કાર કરેલ છે કે, તેમના મમ્મીના કહેવાથી ખોટી જુબાની આપે છે. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, કોણે કઇ ગાળ આપેલી તે  શબ્દો લખાવેલ નથી તેમજ આરોપીઓમાંથી ચોક્કસ કઇ વ્યક્તિએ જાનથી મારી નાખવાની ધમકી આપેલ તે તેમના નીવેદનમાં લખાવેલ નથી.

(૮.૬) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી સાહેદ નિમેશભાઈ અશોકભાઈ પટેલ નાઓને આંક–૪૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓ તેમના પુરવામાં જણાવેલ છે કે, તા.૩૧/૦૧/૨૦૧૭ ના રોજ રાતના બાર વાગ્યાના સુમારે ઘરે હાજર હતા ત્યારે તેમના કાકા કનુભાઇ છગનભાઇના ઘરે ગુલાબભાઈની છોકરીના લગ્ન હોવાથી વાસણો લેવા માટે વૈભવ ધીરૂભાઇ પટેલ, અંકીત દીલીપભાઇ પટેલ, રાજેશ ચંદુભાઈ પટેલ,ગુલાબ છોટુભાઇ પટેલ, ધીરૂ છનાભાઇ પટેલ, શંકરભાઇ છનાભાઇ પટેલનાઓ આવેલા તે સમયે તેમના કાકા કનુભાઇએ તેઓને જણાવેલ કે, વડીલોને જણાવીને તમને વાસણો આપીશુ તેવુ જણાવતા વૈભવ ધીરૂભાઇનાઓ ઉશ્કેરાઇ ગયેલ અને તેમની કાકી લતાબેનને ઢીકામુક્કીનો માર મારવાનુ ચાલુ કરેલ જેથી તેઓ બનાવવાળા સ્થળે ગયેલ જેથી તેમની સાથે આ તમામ વ્યક્તિઓ ઝપાઝપી કરવા લાગેલ અને આ સમયે શંકરભાઇ ઓટલા પરથી પડી ગયેલ. આરોપીઓ સાથે તેમના રસ્તા બાબતનો ઝગડો ચાલતો હોય તેની અદાવત રાખી તેમની સાથે ઝગડો કરેલ. આરોપીઓ પૈકી  આરોપી વૈભવ ધીરૂભાઇ પટેલ, શંકર છના પટેલ, અંકીત દીલિપભાઇ પટેલ નામ કોર્ટમાં હાજર છે જેને તેઓ ઓળખે છે બીજા આરોપીઓ નામ કોર્ટમાં હાજર ન હોય આરોપી તર્ફે

હાજરી મુક્તી નો રીપોર્ટ આવતા આરોપી પક્ષે ઓળખની તકરાર નથી. બનાવ બાબતે પોલીસએ તેમનું નિવેદન લીધેલ.

ફરીયાદપક્ષ ના કેસ ની હકીકતો ને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ છે અને વિ.એ.પી.પી.શ્રી દ્વારા હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓની મૌખિક વિનંતી થી ઉલટ તપાસ માં પુછી શકાય તેવો પ્રશ્નો પુછવા માટે નામદાર કોર્ટ દ્વારા ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ પરવાનગી આપેલ જેમાં તેઓએ હકિકતનો સ્વીકાર કરેલ છે કે,તા. ૧૮/૦૨/૨૦૧૭ ના રોજ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવું લખાવેલ કે આરોપીઓએ રસ્તાની જુની અદાવત રાખી તેઓને ઢીકમુક્કીનો માર મારી તેમજ જતા જતા જાનથી મારી નાંખવાની ધમકી આપી ચાલ્યા ગયેલ. ત્યારબાદ બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૮.૭) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે સાહેદ જયસીંગભાઈ છોટુભાઈ પટેલને આંક–૬૮ તથા સાહેદ યોગેશભાઈ ઈશ્વરભાઈ પટેલને આંક–૬૯ તથા સાહેદ નિમેશભાઈ અરવીંદભાઈ પટેલને આંક–૭૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદર સાહેદો ફરિયાદપક્ષના કેસને સમર્થનરૂપ હકીકતો રેકર્ડ પર લાવી શકેલ ના હોય તેઓને એ.પી.પી.શ્રી મારફતે ફરી ગયેલા જાહેર કરેલા છે. બચાવપક્ષે સાહેદોની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,તેઓને અને આરોપીઓ વચ્ચે સમાધાન થઈ ગયેલ છે તેમજ રોપીઓએ તેમને કોઈ ધાકધમકીકે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી તેમજ આરોપીઓ એક જ ગામના હોય અને એક જ નાતના હોઈ એકબીજાને ઓળખતા છે તેમજ બનાવ સમયે પોલીસે તેમનું નામઠામ પુછેલુ એ સિવાય તેઓએ પોલીસને કહી લખાવેલુ નહી અને પોલીસે તેમની કોઈ પુછપરછ કરેલ નથી તેમજ પોલીસ ને તેઓએ કોઈ હકીકત જણાવેલી નથી.

**પુરાવાનું મુલ્યાંકનઃ–**

(૯) આ કામે ફરિયાદપક્ષનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આ કામે બનાવ સમયે ઈજા પામનાર ફરિયાદી લીલાબેન અશોકભાઈ પટેલ

નાઓની આંક–૧૨ ની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓ જણાવે છે કે, એક જ બનાવ સાડા બાર વાગે બનેલો એ સીવાય બીજો કોઈ બનાવ બનેલો નહી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી સીવાય બીજા દસ થી બાર જણા આવેલા તેમજ બીજા આરોપી આવેલા ત્યારે અંધારુ હતુ તેમજ આરોપી સીવાય બીજા આવેલા તે અંધારુ હોય ઓળખી શકુ નહી તેમજ અંધારુ હતુ તેથી કોણ આવેલુ તે ખબર નથી તેમજ ઘરનો દરવાજો કોણે ઠોકેલો તે પણ તેઓ કહી શકે નહી તેમજ કનુભાઈનો શર્ટ કોણે પકડેલો તે પણ ખબર નથી તેમજ બનાવ સમયે ગુલાભાઈ છોટુભાઈ ના દીકરીના લગ્ન હતા. વાસણો આપી દીધેલા કયા વર્ષમાં આપેલા તે હાલ યાદ નથી. આશરે પંદર વીસ વર્ષ પહેલા વાસણો આપી દીધેલા. વાસણો તેઓએ જોગીનભાઈને આપેલા. જોગીભાઈ ને વાસણો આપેલા ત્યારે તેઓ મંડળના સભ્ય હતા. મંડળમાં કેટલા સભ્યો હતા તેની તેમને ખબર નથી. કનુભાઈનો દરવાજો લતાબેને ખોલેલો. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ મા ક્યા આરોપીએ ગાળ ના ચોક્કસ શબ્દો બોલેલા તે તેઓએ પોલીસ મા લખાવેલા નથી. બનાવ સમયે કયા આરોપી ઓ એ મારી નાખવાની ધમકી આપેલી તેનુ નામ તેઓએ પોલીસ મા લખાવેલુ નથી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેમને કોઇને ઈજા થયેલ હોય અને તેઓ સારવાર લેવા દવાખાના મા ગયેલ હોય તેવુ બનેલ નથી તેમજ આ બનાવ નુ તેમના તેમજ તેમના માણસો વિરૂધ્ધ આરોપી ઓ એ પોલીસ મા ફરીયાદ કરેલી છે. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, ચેતન ભાઈ કનુભાઈ તેજલ બેન કનુ ભાઈ ટવિંકલ બેન તેમના નજીક ના સગા થાય છે. આમ, આ બનાવમાં ભોગબનનાર ખુદ ફરિયાદીને ચોક્કસ કઈ વ્યક્તિ કેવી રીતે ઈજા પહોંચાડેલી તેવું બહાર આવેલ નથી તેમજ બનાવ સંબંધે કોઈ પણ વ્યક્તિએ ઈજા અંગે સારવાર કરાવેલ નથી તેવું પણ બહાર આવેલ છે તેમજ બનાવ સમયે ઘણું અંધારુ હોય કોણ શું કહેતાં હતાં તે ફરિયાદીને ખબર નથી તેમજ બનાવમાં

કોઈએ તેઓને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવું જણાવતા નથી.

વધુમાં આ કામે ફરિયાદપક્ષે તપાસેલા મોટા ભાગના સાક્ષીઓ ફરિયાદીના ઓળખીતા છે અને ફરિયાદી હકિકતોને સમર્થન કરતો કોઈ પુરાવો આપતાં નથી તેમજ આ કામે તપાસવામાં આવેલ તમામ પંચ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા છે અને ઉલટતપાસ દરમ્યાન પણ સરકારપક્ષના કેસને સમર્થનકારી કોઈ પુરાવો રજુ કરતાં નથી જેથી પંચ સાહેદોની જુબાની ઉપર આધાર રાખી શકાય નહિ. આમ, આ કામે ફરિયાદપક્ષનો તમામ પુરાવો ધ્યાને લેતાં, આ કામના આરોપીઓએ એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી ફરિયાદી તથા સાહેદો ઉપર મારક હથિયાર વડે હુમલો કરી ઈજા પહોંચાડેલ હોય તેમજ ગાળો આપી, જાનથી મારી નાંખવાની ધમકી આપી હોય તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

**(૯.૧)** આ કામે આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ–૫૦૪ મુજબનો આક્ષેપ છે. પરંતુ, ફરીયાદીએ આંક– ૧૩ વાળી ફરીયાદમાં તેમજ તપાસવામાં આવેલા સાહેદોના પુરાવાથી આ કામના આરોપીઓ કયા પ્રકારના અપ શબ્દો ઉચ્ચારેલા તેનુ કોઈ વર્ણન કરેલ નથી જે સંજોગોમાં નામ. સુપ્રિમ કોર્ટ તથા નામ. ગુજરાત હાઈકોર્ટના વિવિધ ચુકાદાઓથી પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો મુજબ જયારે ફરીયાદમાં અપશબ્દોનુ વિગતવાર વર્ણન કરવામાં આવેલ ન હોય તો તેવા સંજોગોમાં માત્ર ગાળો બોલવા લાગેલા તેવા કથન માત્રથી ઈ.પી.કો. કલમ–૫૦૪ મુજબનો ગુનો થયેલાનુ સાબીત માની શકાય નહી.

**(૯.૨)** હવે, જયાં સુધી ઈ.પી.કો.કલમ–૫૦૬(૨) નો આક્ષેપ આરોપી ઉપર છે તે માટે પ્રોશીકયુશ ને કલમ–૫૦૬(૨) ના તત્વો પુરવાર કરવા માટે એવું શંકાથી પર સાબિત કરવું પડે કે આરોપીના કૃત્યથી જે વ્યકિતને ગુનાહિત ધમકી આપવામાં આવેલ હોય તે વ્યકિત ભયભીત થવી

જોઈએ તેમજ આવી ધમકી મૃત્યુ નિપજાવવા માટેની હોય તેમજ આવી વ્યકિત સતત તેના ભયના ઓથા હેઠળ હોય, નામદાર ગુજરાત હાઈકોર્ટે **Pravinbhai Becharbhai Vankar V/s State of Gujarat 2007(1) G.L.H 331** TYF **Manharkhan Yasinkhan Pathan V/s State of Gujarat 2002(1) G.L.H(U J) ,** ના ચુકાદામાં ઠરાવેલ છે કે,જે વ્યકિતને આવી ધમકી આપવામાં આવેલ હોય તે વ્યકિત આઘાતમાં આવી ગયેલ હોય અને તેવો આઘાતથી ભયભીત થઈ રોજબરોજનું કૃત્ય કરવા અસક્ષમ થયેલ હોય તેવો પુરાવો રેકર્ડ ઉપર આવવો જોઈએ. જો આવો પુરાવો ફરિયાદપક્ષ અદાલતના રેકર્ડ ઉપર લઈ આવવામાં અસફળ રહેલ હોય તો કલમ–૫૦૬(૨) મુજબના ગુના પુરવાર થયેલા ન ગણાય પ્રસ્તુત કેસમા પણ ફરીયાદ પક્ષ ઇ.પી.કો. કલમ ૫૦૬(૨) મુજબના તત્વો પુરવાર કરવામાં સફળ રહેલ નથી. જેથી ઈ.પી.કો.કલમ–૫૦૬(૨) મુજબનો આક્ષેપ આરોપીઓ વિરૂધ્ધ પુરવાર થતો નથી. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામના આરોપીઓ સામે મુકવામાં આવેલ આક્ષેપો ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી.

(૧૦) આ કામે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ જ્યારે ફરીયાદી તથા અન્ય તમામ સાહેદોની જુબાનીઓના આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેવો સબળ પુરાવો રજુ થયેલ નથી. આમ, તમામ સંજોગો ધ્યાને લેતાં ફરીયાદપક્ષનો પુરાવો સાતત્યભર્યો અને વિશ્વાસજન્ય જણાતો નથી. સાથે સાથે ક્રિમીનલ જયુરીસપ્રુડન્સના સિધ્ધાંતો મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકારહિત પુરવાર કરવાનો હોય છે. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલત અને નામદાર વડી અદાલત અસંખ્ય ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ છે કે, ફરિયાદપક્ષ પોતાનો કેસ શંકારહિત પુરવાર કરવો જોઇએ. શંકા એ શંકા છે તે પુરાવાનુ સ્થાન લઈ શકે નહી. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામના આરોપીઓ વિરૂધ્ધ ધી ઈન્ડીયન પીનલ કોડની કલમ–૧૪૩,૧૪૭,૩૨૩,૫૦૪,૫૦૬(૨) મુજબ મૂકવામાં આવેલ આક્ષેપો

ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોય,તેવાં સંજોગોમાં **મુદ્દા નંબર : ૦૧ નો જવાબ નકારમાં** આપી **મુદ્દા નંબર :૦૨** અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-:: આખરી હુકમ ::-</u>**

**૧.** આ કામના આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૮(૧) અન્વયે **ધી ઈન્ડીયન પીનલ કોડની કલમ- ૧૪૩,૧૪૭,૩૨૩, ૫૦૪,૫૦૬(૨) મુજબ**ના ગુન્હામાંથી **નિર્દોષ ઠરાવી** છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામે આરોપીઓએ ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ-૪૩૭(અ) ની જોગવાઈઓ નું પાલન કરવા માટે અપીલ સમય સુધીના પ્રત્યેક આરોપીએ રૂ. ૧૦,૦૦૦/- ના સધ્ધર જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩. હાલના જજમેન્ટની એક કોપી ફોજદારી કેસ નં.૪૪૯૭/૨૦૧૯ ના કામમાં સામેલ રાખવી.**

હુકમ આજરોજ તા.૦૩ જી માહે ઓગસ્ટ સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તારીખ:-૦૩/૦૮/૨૦૨૬
સ્થળ - વલસાડ.
( બી.એચ.કહાર,ગુજ.સ્ટેનો)

**(જયેશ અરૂણભાઈ દવે)**
ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ,વલસાડ.
[કોડ નં. જી.જે.-૦૦૭૧૨]